# પરોપકારી બાળા

– મનુભાઈ પંડ્યા

ઈંગ્લૅન્ડ દેશની આ વાત છે. જોન મિડલ્ટન નામનો એક માણસ હતો. તેને એક પુત્રી હતી. તેની પત્નીનું મૃત્યુ થયું હતું. મિડલ્ટન ગરીબ માણસ હતો. આ બંને બાપ–દીકરી મજૂરી કરીને ગુજરાન ચલાવતાં હતાં. દીકરી ઘરનું પણ બધું કામ કરતી હતી.

મિડલ્ટનની પુત્રીનું નામ 'મે' હતું. તે દરેક રવિવારે ખરીદી માટે લંડન શહેર જતી હતી અને આખા અઠવાડિયા માટેની ઘરની જરૂરિયાત મુજબની વસ્તુ ખરીદી કરતી હતી.

એક વખત સામાન ખરીદીને પાછી આવતી હતી ત્યારે રસ્તાની એક બાજુ એક ઘરડો માણસ મેલા ગંધાતા લૂગડાં પહેરેલો હતો. તેવો માણસ ઉંહકારા કરતો હતો. તે બીમાર હતો. આ દૃશ્ય જોઈને ''મે'' નામની આ છોકરીને દયા આવી. તેના પિતા ગરીબ હોવાં છતાં આ બીમાર માણસને સાચવવાની જવાબદારી લઈ પોતે જે બગીમાં બેઠી હતી તે બગીમાં પેલા બીમાર માણસને બેસાડી તેની સાથે લઈ ગઈ.



મિડલ્ટન ઘણો ગરીબ હતો. છતાં દયાળુ હતો. આમ, બંને જણ પિતા–પુત્રીએ આ ઘરડા માણસની સેવા કરવાનું ચાલુ રાખ્યું. ઘરડો માણસ સ્વભાવે ક્રોધી અને ચીડિયો હતો. પિતા–પુત્રી પર ગુસ્સે થતો છતાં પણ પિતા–પુત્રીએ તેની સેવા કરવામાં કોઈ પણ પ્રકારની કચાશ ન રાખી. ઘરડા માણસને ધીમે ધીમે આરામ થવા લાગ્યો. તે ખુશ થયો અને ''મે''ને કહ્યું કે, બેટા તારી સેવાથી મને આરામ થઈ ગયો છે. હું હવે મારા ઘરે જઈશ, પરંતુ મારી પાસે એક પેટી છે. તે તને હું પ્રેમથી આપું છું તે તું લઈ લે. તેવી મારી તને પ્રાર્થના છે.

આ પેટીને ખોલીને બહુ જ કીમતી ઘરેણાં બતાવ્યાં, પણ આ પિતા–પુત્રીએ ઘરેણાં લેવાની ના પાડી. આ સેવા કરવી એ અમારું કર્તવ્ય છે. મેં કર્તવ્યનું પાલન કર્યું છે. હું ઘરેણાં નહીં લઉં.

પેલો ઘરડો માણસ ત્યાંથી ચૂપચાપ ચાલ્યો ગયો. તેણે વીલ બનાવી બધી સંપત્તિ ''મે''ના નામની કરી દીધી. તેને કોઈ સંતાન ન હોવાથી આ સંપત્તિ ''મે''ના નામની કરી દીધી. ''મે'' ખૂબ જ ધનવાન બની ગઈ. પરોપકારી પર ઈશ્વરની કૃપા થાય છે.

■